

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyadnews.com

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રીઃ પ્રદિપ રાવલ | સહતંત્રી :મીનાક્ષી રાવલ | સાપ્તાહિક

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

**Gandhinagar Office :** Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-29 ■ અંક-34 ■ તા. 07-9-2025 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# પાવાગઢમાં અચાનક રોપ-વે તૂટતા ૬ લોકો કાળનો કોળિયો બન્યા







પાવાગઢ, તા.૬

પંચમહાલના પ્રસિદ્ધ શક્તિપીઠ પાવાગઢ ખાતે એક અત્યંત કરુણ દુર્ઘટના બની છે. અહીં ચાલી રહેલા બાંધકામના માલસામાનને લઈ જવા માટે ઉપયોગમાં લેવાતો માલવાહક રોપ-વેનો તાર તૂટી પડતા ૬ લોકોના કમકમાટીભર્યા મોત થયા છે. મૃતકોમાં બે લિફ્ટ ઓપરેટર અને બે શ્રમિકો સહિત અન્ય બે વ્યક્તિઓનો સમાવેશ થાય છે. આ ઘટનાને પગલે ભારે પવનના કારણે શ્રદ્ધાળુઓ માટેનો પેસેન્જર રોપ-વે પણ સુરક્ષાના કારણોસર બંધ કરી દેવામાં આવ્યો છે.

પંચમહાલના પાવાગઢમાં આવેલા પ્રસિદ્ધ શક્તિપીઠમાં આજે એક ગંભીર દુર્ઘટના સર્જાઈ છે, જ્યાં બાંધકામની સામગ્રી પહોંચાડવા માટે ઉપયોગમાં લેવાતો ગુડ્સ રોપ-વે તૂટી પડ્યો છે. આ દુર્ઘટનામાં કુલ ૬ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આ દુર્ઘટના રોપ-વેનો તાર તૂટી જવાને કારણે સર્જાઈ છે.

આ દુર્ઘટનાનો ભોગ બનેલાઓમાં ૨ લિફ્ટ ઓપરેટર, ૨ શ્રમિકો અને અન્ય ૨ વ્યક્તિઓ સામેલ છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને રાહત તથા બચાવ કામગીરી શરૂ કરી હતી. મૃતદેહોને બહાર કાઢીને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પંચમહાલ જિલ્લા પોલીસ વડા હરેશ દુધાતે પણ આ ઘટનામાં ૬ લોકોના મોતની પુષ્ટિ કરી છે અને જણાવ્યું છે કે આગળની તપાસ ચાલી રહી છે.


ઉલ્લેખનીય છે કે પાવાગઢના માંચીથી મહાકાળી મંદિર સુધી શ્રદ્ધાળુઓને લાવવા-લઈ જવા માટેનો પેસેન્જર રોપ-વે અલગ છે. આજે અચાનક હવામાનમાં આવેલા ફેરફાર અને ભારે પવનને કારણે આ રોપ-વે પણ શ્રદ્ધાળુઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને બંધ કરવામાં આવ્યો છે. પોલીસ દ્વારા સ્પષ્ટ સૂચના ન મળે ત્યાં સુધી પેસેન્જર રોપ-વે બંધ રહેશે.

આ ઘટના બાદ, હાલોલના ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.

આ દુર્ઘટનાએ પાવાગઢના વિકાસકાર્ય અને સુરક્ષા વ્યવસ્થા પર ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. તંત્ર દ્વારા હાલ પરિસ્થિતિને નિયંત્રણમાં લાવવાના પ્રયાસો ચાલી રહ્યા છે અને ભવિષ્યમાં આવા અકસ્માતો ન બને તે માટે તપાસ હાથ ધરવામાં આવી છે.

## માલ્યા-નીરવ મોદી જેવા ભાગેડુઓને રાખવા તિહાડ જેલ તૈયાર





ભારતમાંથી ભાગી ગયેલા આર્થિક ગુનેગારો અને ભાગેડુઓને ભારતમાં પરત લાવવાના પ્રયાસો તીવ્ર કરતાં બ્રિટનની ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસ ની ટીમે તાજેતરમાં જ દિલ્હી સ્થિત તિહાડ જેલની મુલાકાત કરી હતી. મળતી માહિતી પ્રમાણે આ મુલાકાત જુલાઈમાં થઈ હતી, જેમાં બ્રિટનના પાંચ મેમ્બરોનો સમાવેશ થાય છે. ટીમના આ પ્રવાસ હેતુ બ્રિટિશ કોર્ટમાં સાબિત કરવાનો હતો કે ભારત પ્રત્યાર્પણ કરાયેલા આરોપીઓને તિહાડ જેલમાં સુરક્ષિત અને યોગ્ય વાતાવરણ પૂરું પાડવામાં આવશે.હકીકતમાં હાલમાં જ બ્રિટિશ અદાલતોએ તિહાડની સ્થિતિને લઈને અનેક કેસોમાં ભારતની પ્રત્યાર્પણ અરજીઓને ફગાવી દીધી હતી. જેથી ભારત સરકારે બ્રિટનને ખાતરી આપી હતી કે, જેલમાં ન તો કોઈ આરોપીને મારવામાં આવશે અને ન તો ગેરકાયદે કોઈ પૂછપરછ કરવામાં આવશે. તિહાડની હાઈ સિક્યુરિટી વોર્ડનું નિરીક્ષણ કર્યું અને ત્યાં હાજર કેદીઓ સાથે પણ વાતચીત કરી હતી.

## બાંગ્લાદેશમાં ફરી હાલત બેકાબૂ: કટ્ટરપંથીઓએ સૂફી સંતનો મૃતદેહ કબરમાંથી કાઢી આગ લગાવી, ૧૦૦થી વધુ ઈજાગ્રસ્ત



બાંગ્લાદેશમાં ફરી હિંસા ભડકી ગઈ છે. શુક્રવારે બાંગ્લાદેશમાં જૂમાની નમાઝ બાદ હિંસા ભડકી ઉઠી હતી. ઈસ્લામિક કટ્ટરપંથીઓએ જૂમાની નમાઝ બાદ બે કાળજુ કંપાવનારી ઘટનાને અંજામ આપ્યો હતો. સૌથી પહેલા આ કટ્ટરપંથીઓએ જૂમાની નમાઝ એક સૂફી સંતની કબરને અપવિત્ર કરી અને ત્યારબાદ આ કટ્ટરપંથીઓએ તેમના મૃતદેહને કબરમાંથી કાઢી આગ લગાવી દીધી. બીજી તરફ જાતીય પાર્ટીની ઓફિસને આગ લગાવી દીધી. હિંસાની આ તાજેતરની ઘટનાએ આખા બાંગ્લાદેશને હચમચાવી મૂક્યો છે. બાંગ્લાદેશમાં ગત વર્ષે થયેલા તખ્તાપલટ બાદથી દેશમાં હિંસાની ઘટનાઓ સતત વધી રહી છે. મુસ્લિમ કટ્ટરપંથી સતત દેશના લઘુમતીઓને ટાર્ગેટ કરી રહ્યા છે. બાંગ્લાદેશની લોકલ મીડિયાએ શનિવારે જણાવ્યું કે, બાંદગ્લાદેશની જાતીય પાર્ટીના ઢાકા સ્થિત કેન્દ્રીય કાર્યાલયમાં કટ્ટરપંથીઓએ તોડફોડ કરી અને આગ લગાવી દીધી. ૧૦ દિવસમાં આ બીજી ઘટના છે. આ ઘટના શુક્રવારે મોડી સાંજે ઘટી હતી, જ્યારે અન્ય એક રાજકીય પક્ષ, ગોનો અધિકાર પરિષદના નેતાઓએ રાજધાનીના શાહબાગ ખાતે એક રેલી યોજી અને જાપા પર પ્રતિબંધ મૂકવાની માગ કરી. આ ઘટનાની પુષ્ટિ કરતા ફાયર સર્વિસીસ અને સિવિલ ડિફેન્સ હેડક્વાર્ટરના કંટ્રોલ રૂમના ડ્યુટી ઓફિસર રોજીના અખ્તરે જણાવ્યું કે, અમને સાંજે લગભગ ૭:૦૦ વાગ્યે સૂચના મળી હતી કે કેટલાક લોકોએ જાતીય પાર્ટીના કાર્યાલય પર ઈંટો અને પથ્થર ફેંક્યા અને પછી તેને આગ લગાવી દીધી. 'બાંગ્લાદેશના પશ્ચિમ રાજબારી જિલ્લામાં ૫ સપ્ટેમ્બરના રોજ શુક્રવારની નમાજ પછી કેટલાક મુસ્લિમ કટ્ટરપંથીઓએ ક્રૂરતાની તમામ હદો પાર કરી દીધી. આ કટ્ટરપંથીઓએ સૂફી દરવેશ નૂરા પગલાની કબરને પોતાના આતંકનો શિકાર બનાવી. હજુ બે અઠવાડિયા પહેલા જ નૂરા પગલાનું મૃત્યુ થયું હતું. તેમના મૃતદેહને કબરમાં દફનાવવામાં આવ્યો હતો. આ કટ્ટરપંથીઓએ સૂફી દરવેશ નૂરા પગલાની કબર ખોદી, તેમના મૃતદેહને બહાર કાઢ્યો અને તેને આગ લગાવી દીધી. આ સાથે જ તેઓએ તેમની દરગાહમાં પણ તોડફોડ કરી. આ દરમિયાન નૂરા પગલાના કેટલાક અનુયાયીઓની આ કટ્ટરપંથીઓ સાથે અથડામણ થઈ હતી. આ હિંસક અથડામણમાં એક વ્યક્તિનું મોત થયું જ્યારે ૧૦૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે.મોહમ્મદ યૂનુસના નેતૃત્વ વાળી વચગાળાની સરકાર હેઠળ બાંગ્લાદેશમાં વધતી રાજનીતિક હિંસા વચ્ચે એક અઠવાડિયાની અંદર આ પ્રકારનો આ બીજો હુમલો હતો. પ્રાપ્ત માહિતી પ્રમાણે અચાનક કેટલાક કટ્ટરપંથીઓએ જાતીય પાર્ટીના કાર્યાલય પર હુમલો કરી દીધો. તેઓએ અંદરનું ફર્નિચર તોડી નાખ્યું અને આગ લગાવી દીધી.

## પંજાબમાં ભયાનક પૂર વચ્ચે ડેમ તૂટવાની અણીએ, ૧૫ ગામડામાં પૂરનું સંકટ, લાખો લોકો મુશ્કેલીમાં




પંજાબના લુધિયાણામાં સતલજ નદીના વધતા જળસ્તરને કારણે પૂરનો ભય વધુ ગંભીર બન્યો છે. સસરાલી ગામ નજીક બાંધવામાં આવેલા બંધ છેલ્લા ૪૮ કલાકથી સતત ધોવાણ થઈ રહ્યું છે. શુક્રવાર (પાંચમી સપ્ટેમ્બર) સુધીમાં બંધ પર ૧૬ ફૂટનું ધોવાણ નોંધાયું હતું. જેના કારણે ખેડૂતોના ટ્યુબવેલ ધોવાઈ ગયા હતા અને પાણી રિંગ ડેમ સુધી પહોંચી ગયું હતું. આ નવો રિંગ ડેમ મુખ્ય બંધથી ૭૦૦ મીટરના અંતરે બનાવવામાં આવ્યો હતો, પરંતુ હવે તે જોખમમાં છે. હાલ સેના અને NDRFની ટીમ સ્થળ પર તહેનાત કરવામાં આવી છે. વહીવટીતંત્રે ધોવાણ અટકાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ સફળ થઈ શક્યું નહી.

અધિકારીઓના મતે, જો પાણી અહીંથી આગળ વધે તો લુધિયાણાના ૧૫ ગામોમાં પૂર આવી શકે છે.અહેવાલો અનુસાર, રાહોં રોડ, ટિબ્બા રોડ, તાજપુર રોડ, નૂરવાલા રોડ અને સમરાલા ચોક જેવા શહેરી વિસ્તારોમાં પાણી પહોંચવાની શક્યતા છે. સહનેવાલના ધનસુ વિસ્તારમાં પણ પાણી ભરાઈ શકે છે, જેનાથી લગભગ ૫૦ હજાર લોકો પ્રભાવિત થશે.પંજાબના હોશિયારપુરમાં મોટી દુર્ઘટના સર્જાઈ હતી.અહીં ચિંતપૂર્ણી ધર્મશાળા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર મગવાલ ગામ નજીક એક એમ્બ્યુલન્સ ખાડામાં પડી ગઈ. અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયા. બે લોકોની હાલત ગંભીર હોવાથી તેમને હોશિયારપુર સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા. આ એમ્બ્યુલન્સ કાંગડા ધર્મશાળાથી દર્દીને લઈને આવી રહી હતી.મહેસૂલ, પુનર્વસન અને આપત્તિ વ્યવસ્થાપન મંત્રી હરદીપ સિંહ મુંડિયને શુક્રવારે જણાવ્યું હતું કે 'છેલ્લા ૨૪ કલાકમાં કોઈ મૃત્યુ થયું નથી. જોકે, ચોથી સપ્ટેમ્બર સુધીમાં રાજ્યના ૧૪ જિલ્લાઓમાં ૪૩ લોકોના મોત થયા છે.' અત્યાર સુધીમાં ૨૧,૯૨૯ લોકોને સ્થળાંતર કરવામાં આવ્યા છે અને ૧૯૬ રાહત શિબિરો બનાવવામાં આવ્યા છે, જેમાં ૭,૧૦૮ લોકોએ આશ્રય લીધો છે. ફાઝિલ્કામાં સૌથી વધુ ૨,૫૪૮ લોકોને રાહત શિબિરોમાં મોકલવામાં આવ્યા છે.

## ગ્લેશિયર પીગળતાં અરુણાચલ પ્રદેશમાં ભયાનક પૂરની આશંકા

અરુણાચલ પ્રદેશમાં ગ્લેશિયરના ઝડપી પીગળવાને કારણે રાજ્ય પર ગંભીર ખતરો ઊભો થયો છે. ગ્લેશિયર પીગળવાથી તળાવોમાં પાણીનું સ્તર વધી રહ્યું છે, જે ભવિષ્યમાં તળાવ ફાટવા અથવા પૂર જેવી પરિસ્થિતિ સર્જી શકે છે અને મોટા પાયે વિનાશ નોતરી શકે છે.

સેન્ટર ફોર અર્થ સાયન્સ એન્ડ હિમાલય સ્ટડીઝ દ્વારા તાજેતરમાં જાહેર થયેલા એક રિપોર્ટમાં આ ખુલાસો થયો છે કે પૂર્વ હિમાલયના કેટલાક ગ્લેશિયર દર વર્ષે ૧.૫ મીટરની ઝડપે પીગળી રહ્યા છે.

છેલ્લા કેટલાક સમયથી, સેન્ટર ફોર અર્થ સાયન્સ એન્ડ હિમાલય સ્ટડીઝ તવાંગના ગોરીચેન પર્વત પરના ખાંગરી ગ્લેશિયર પર નજર રાખી રહ્યું છે. એક સેટેલાઇટ સર્વેમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે ૨૦૧૬થી ૨૦૨૫ દરમિયાન આ વિસ્તારના તળાવોનું કદ ઝડપથી વધ્યું છે. આ તળાવો ફાટવાથી અરુણાચલના ઘણા વિસ્તારોમાં અચાનક પૂરનું જોખમ વધી ગયું છે.

૩ ઑક્ટોબર ૨૦૨૩ના રોજ દક્ષિણ લ્હોનાક તળાવમાં ગ્લેશિયરનો મોટો હિસ્સો પડ્યો હતો, જેના કારણે ગ્લેશિયલ લેક આઉટબર્સ્ટ ફ્લડ આવ્યું હતું. તેની અસર ૩૮૫ કિલોમીટર સુધી તિસ્તા નદીથી થઈને બાંગ્લાદેશ સુધી થઈ હતી. આ આફતમાં સિક્કિમમાં ૫૫ લોકોના મૃત્યુ થયા હતા અને ૭૪ લોકો લાપતા થયા હતા.

# પ્રાંતિજ ખાતે ગાજવીજ સાથે ધમાકેદાર વરસાદ







સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં વહેલી સવારથીજ ધીમીધારે શરૂથયેલ વરસાદ બપોર ના બે વાગ્યા સુધી મા ૬૪ એમએમ વરસાદ એટલેકે અઢી ઇંચ વરસાદ ખાબક્યો હતો પ્રાંતિજ ખાતે હવામાન વિભાગ ની આગાહી વચ્ચે શનિવાર ને ૬૯૨૦૨૫ ના વહેલી સવારથીજ હવામાન મા અચાનક પલટો આવ્યો હતો અને સવારથીજ ધીમીધારે શરૂથયેલ વરસાદ ગાજવીજ અને તેજ પવન સાથે ધોધમાર વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી પરંતુ કેટલાક વિસ્તારોમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ હતી તો વહેલી સવારથી પડી રહેલ વરસાદ બપોર ના બે વાગ્યા સુધી ૬૪ એમએમ એટલે કે અઢીઇંચ વરસાદ ખાબક્યો હતો તો વરસાદના કારણે શહેરના નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા જેમા હનુમાન મંદિર, એપ્રોચ રોડ, માતુછાયા સોસાયટી, નાની ભાગોળ અને સબ જેલ તથા વૃંદાવન પાર્ક સોસાયટી સહિત ના વિસ્તારમાં પાણી ભરાઈ જવાથી વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો તો વરસાદને કારણે લોકો કામ વગર બહાર નીકળવાનું ટાળી રહ્યા હતા જોકે આ વરસાદે ખેડૂતો અને સામાન્ય જનતા માટે રાહતનો સંદેશ પણ આપ્યો છે આ સિઝનનો અત્યાર સુધીનો કુલ વરસાદ પ્રાંતિજમાં ૩૩ ઇંચ નોંધાયો છે જે એક સારા સમાચાર છે પ્રાંતિજમાં અત્યાર સુધીનો સિઝનનો કુલ ૩૩ ઇંચ વરસાદ નોંધાયો વરસાદે શહેરમાં ગરમી અને ઉકળાટમાંથી મુક્તિ આપી છે તો હનુમાન મંદિર આગળ પાલિકા દ્વારા ગટર નુ ઢાંકણુખોલી નાંખતા કોઈ આડ ના મુકતા પાણી હોય ખબર ના પડતા અને નાના મોટા વાહન ચાલકો ગટરમા પટકાયા હતા જેથી પ્રાંતિજ પાલિકા દ્વારા ઢાંકણા ખોલી કોઇ આડ મુકવામા આવે તેવી માંગ ઉઠવા પામી હતી તો પાણી ભરાવાની સમસ્યાએ સ્થાનિક તંત્રની માળખાગત સુવિધા પર સવાલો ઉભા કર્યા છે. આટલા ઓછા સમયમાં પાણી ભરાઈ જવાથી સ્પષ્ટ થાય છે કે ગટર અને ડ્રેનેજ સિસ્ટમની યોગ્ય સફાઈ કરવામાં આવી નથી. આગામી દિવસોમાં પણ હવામાન વિભાગે વરસાદની આગાહી કરી છે. તેથી સ્થાનિક તંત્ર દ્વારા જળભરાવની સમસ્યાને અટકાવવા માટે તાત્કાલિક પગલાં લેવા જરૂરી બન્યા છે

## તલોદમાં મેઘરાજાની ધબધબાટી ,સવા ત્રણ ઈંચ વરસાદ ખાબક્યો



રાજયમાં હવામાન વિભાગની આગાહી વચ્ચે સાબરકાંઠાના તલોદ સહિત તાલુકુ પંથકમાં આજે સવારથી જ મેઘરાજાએ ધબધબાટી બોલાવતા સવા ત્રણ ઈંચ જેટલો વરસાદ વરસતા શહેરના જાહેર માર્ગો ઉપર નદીની માફક વરસાદી પાણી ફરી વળ્યા હતા.તો બીજી તરફ નીચાણવાળા વિસ્તારોમાં ગોઠણડૂબ પાણી ભરાઈ ગયા હતા.ખેત સિમાડામાં ઉભો ખેતી પાક પણ વરસાદી પાણીમાં તરબોળ થઈ ગયો હતો.તલોદ સહિત તાલુકા પંથકમાં આજે ૭૬ એમ.એમ.જેટલો વરસાદ ખાબકતા વાતાવરણ ઠંડુગાર બની ગયું હતું.ચાલુ વર્ષે મોસમનો સરેરાશ ૧૦૨૪ એમ.એમ.એટલે કે ૪૨ ઈંચથી વધુ વરસાદ નોધાઈ ચૂક્યો છે.

## તલોદમાં વર્ષાની હેલી વચ્ચે વિઘ્નહર્તાનું વાજતે ગાજતે વિસર્જન



સાબરકાંઠા જિલ્લાના વેપારી મથક તલોદ શહેર સહિત તાલુકા પંથકમાં ગણેશ ચતુર્થીના પાવન દિવસથી ઠેરઠેર વિઘ્નહર્તા ગણપતિ દાદાનું ઘટસ્થાન કરી દસ દિવસની પૂજા,અર્ચના બાદ આજે છેલ્લા દિવસે જાણે મેઘરાજા પણ વિઘ્નહર્તાને આવકારવા પધાર્યા હોય તેમ સવારથી જ વરસાદી માહોલ વચ્ચે વર્ષાની હેલી ક્યાંક ધોધમાર તો ક્યાંક ધીમીધારે વરસતા વરસાદ વચ્ચે પણઅબિલ ગુલાલની છોડો વચ્ચે ગણપતિ બાપા મોરિયાના નાદ સાથે ગણપતિ પંડાલો થી શોભાયાત્રા કાઢી નગરમાં પરીભ્રમણ કર્યા બાદ મહિયલ તળાવ ખાતે બાપ્પાનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

## ‘ગમતાંનો ગુલાલ- વાતમેળો’ અને ‘આવ મળીએ જિંદગી- વાર્તાસંગ્રહનું વિમોચન

ગુજરાત અને ગુજરાતીઓને ગૌરવ થાય એવી ગુજરાતી સાહિત્યિક પ્રવૃત્તિઓ દેશવિદેશમાં થતી આવી છે અને થતી રહેશે. આવી અનેક પ્રવૃત્તિઓ કરતી સંસ્થામાં મોખરાનું નામ છે, ‘ગુજરાત લિટરરી એકેડેમી ઓફ નોર્થ અમેરિકા’.

સાહિત્યિક પ્રવૃત્તિ કરતી આ સંસ્થા દ્વારા હરહંમેશ ગુજરાતી સાહિત્ય, ગુજરાતી સર્જકોને પોંખવામાં આવે છે.

૨૦૨૫ ના તેરમા દ્વિવાર્ષિક સાહિત્ય સંમેલનમાં અમેરિકા સ્થિત સાહિત્યકારો તેમજ ભારતથી આમંત્રિત સાહિત્યકાર મહેમાનોની ઉપસ્થિતિમાં આદરણીય શ્રી મણિભાઈ પટેલના વરદહસ્તે ચાર ગ્રંથોનું વિમોચન થયું જેમાં,

ગુજરાતી સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા પ્રકાશિત,

-જયશ્રી મરચંટ અને રાજુલ કૌશિક સંપાદિત (ડાયસ્પોરા લેખકોની ચૂંટેલી વાર્તાઓ) ‘ગમતાંનો ગુલાલ- વાતમેળો’.

-જયશ્રી મરચંટ લિખિત (સત્યઘટના પર આધારિત કથાસંગ્રહ) ‘આવ, મળીએ જિંદગી’.

-‘આંગણું ગઝલનું’ સંપાદિત, જયશ્રી મરચંટ, પૃથા મહેતા-સોની, રક્ષા શાહ, સુનીલ શાહ સંકલિત, ‘ગઝલ શિબિરાર્થીઓની ‘તાજા ગઝલોનો સંગ્રહ’

- નિર્મોહી પ્રકાશન દ્વારા પ્રકાશિત

- જયશ્રી મરચંટ, સપના વિજાપુરા, દેવિકા ધ્રુવ દ્વારા આસ્વાદિત, કવયિત્રીઓની કવિતાઓનું પુસ્તક ‘તાજા કલામને સલામ’

- ‘ગૂર્જર પ્રકાશન દ્વારા પ્રકાશિત દેવિકા ધ્રુવની કવિતાઓનું પુસ્તક ‘અહીં જ બધું’નો સમાવેશ કરવામાં આવ્યો.

આ અવસરે તાજેતરમાં જ પ્રકાશિત પુસ્તક ડાયસ્પોરા લેખકોની સ્વપસંદગીની વાર્તાઓ ‘ગમતાંનો ગુલાલ-વાતમેળો’ નાં સંકલન સમયે જયશ્રી વીનુ મરચંટે આદરણીય શ્રી કિશોરભાઈ દેસાઈ માટે આલેખેલી એક વાતનો ઉલ્લેખ કરવો ગમશે.

‘આદરણીય શ્રી કિશોરભાઈ દેસાઈએ વતનઝુરાપો અનુભવતાં સર્જકો માટે ૧૯૮૮ માં ‘ગુર્જરી ડાયજેસ્ટ’નો આરંભ કરીને ગુજરાતી સાહિત્યનો પ્રચાર અને પ્રસાર કરવાનો જે ભેખ લીધો એ આજે વર્તમાન સમયે આશીર્વાદ સમાન બની રહ્યો છે.

‘ગમતાંનો ગુલાલ-વાતમેળો’ નાં પ્રકાશન અને વિમોચન સમયે આ આશીર્વાદ ફળ્યાં હોય એવી અનુભૂતિ અવસર સમી લાગે છે.

‘આપણું આંગણું’ અને ‘સાહિત્ય સંગીતનું વિશ્વ’નાં સંપાદકો-





જયશ્રી મરચંટ અને રાજુલ કૌશિકે જ્યારે ડાયસ્પોરા સર્જકોની વાર્તાઓને એક પુસ્તકરૂપે પ્રગટ કરવાનું કાર્ય હાથ ધર્યું ત્યારે વિચાર આવ્યો કે, કોઈ એક સર્જક નહીં, પણ અનેક સન્માનીય સર્જકોની એમને જ ગમતી વાર્તાઓનો સમાવેશ કરતા આ પુસ્તકનું એક એવું નામ, એવું શીર્ષક હોવું જોઈએ કે, એ જ ઘણું બધું કહી જાય. એ વાર્તાસંગ્રહને શું નામ આપવું એની બંને સંપાદકોને મીઠી મૂંઝવણ થઈ. મીઠી એટલા માટે કે જે કાર્ય હાથ ધર્યું હતું એ કાર્યને લઈને મનમાં અત્યંત આનંદ અને ઉત્સાહ હતો.

વાર્તાસંગ્રહને શું નામ આપવું એ વિચારવિમર્શ દરમ્યાન યાદ આવી શ્રી સાંઈ મકરંદ દવેની કાવ્ય પંક્તિ,

‘ગમતું મળે તો અલ્યા, ગુંજે ન ભરીએ
ને ગમતાંનો કરીએ ગુલાલ.’

અને ‘ગમતાંના ગુલાલ’ જેવી વાર્તાઓ માટે નામ પણ એવું જ સ્ફૂર્યું- ‘ગમતાંનો ગુલાલ- વાતમેળો.’

વરિષ્ઠ વાર્તાકાર શ્રી મધુ રાય, કવયિત્રી પન્ના નાયકથી લઈને ગઝલકાર અનિલ ચાવડાની વાર્તાઓનો સમાવેશ કરતા આ વાર્તાસંગ્રહને ગુજરાતી સાહિત્ય અકાદમીના અધ્યક્ષ આદરણીય ડૉ. શ્રી ભાગ્યેશ જ્હાએ નવાજતા લખ્યું છે કે, આ સંપાદન ગુજરાતી ટૂંકી વાર્તાઓનાં સંપાદનોમાં નોખું-અનોખું અને વિશેષ રસપ્રદ બની રહેશે.

ગુજરાતી સાહિત્યના મહામાત્ર આદરણીય ડૉ. શ્રી જયેન્દ્રસિંહ જાદવજીએ જયશ્રી મરચંટ અને રાજુલ કૌશિકના આ પુરુષાર્થને ગુજરાતી સાહિત્યનાં પરિપક્વ પ્રસાદફળની કક્ષાએ આલેખ્યું છે. મહામાત્ર ડૉ.જયેન્દ્રસિંહ જાદવજીના મતે આ સંકલિત વાર્તાઓ ટૂંકી વાર્તાની સર્જનયાત્રામાં ડાયસ્પોરા વાર્તાસાહિત્યનો ખાસ મુકામ નક્કી કરવામાં તેમજ આ વિવેચકો, વાર્તારસિકો અને વિદ્યાર્થીઓને ઉપયોગી નિવડશે.

આ વાર્તાસંગ્રહને ઑસ્ટ્રેલિયા સ્થિત લેખક અને પત્રકાર આરાધનાબહેન ભટ્ટ અને ભારતસ્થિત સાહિત્યકાર, શિક્ષણવિદ્ ડૉ. રઈશ મનીઆરે આવકાર્યો છે એ માટે અમે- જયશ્રી મરચંટ અને રાજુલ કૌશિક દિલથી આભારી છીએ.

“ગમતાંનો ગુલાલ-વાતમેળો’ સંગ્રહને પ્રકાશિત કરવા માટે ‘ગુજરાતી સાહિત્ય એકેડેમી’ ના પ્રમુખ આદરણીય શ્રી ડૉ. ભાગ્યેશભાઈ જ્હા અને મહામાત્ર આદરણીય શ્રી ડૉ જયેન્દ્રશિંહ જાદવના અમે ઋણી છીએ.

આ વાર્તાસંગ્રહ માટે વાર્તાઓ મોકલવાનાં અમારાં આમંત્રણનો સ્વીકાર કરી વાર્તા મોકલવા બદલ સર્જકોનો અંતઃકરણપૂર્વક આભાર.

‘ગમતાંનો ગુલાલ-વાતમેળો’ વાર્તાસંગ્રહનું વિચારબીજ રોપનાર શ્રી અંકિત ચૌધરી ‘શિવ’ આમ તો મહેસાણા નજીકનાં નાનકડાં ગામનાં રહેવાસી છે, પણ એમના વિચારોની ઉડાન ઘણી ઊંચી છે. અંકિત ચૌધરીનું આ વિચારબીજ આજે વટવૃક્ષ બનીને ફાલ્યું ને ‘ગુજરાત લિટરરી એકેડેમી ઓફ નોર્થ અમેરિકા’ સુધી પહોંચ્યું એનો આનંદ છે.

‘આવ મળીએ જિંદગી’- જયશ્રી વીનુ મરચંટ

‘ગુજરાતી સાહિત્ય અકાદમી’ દ્વારા પ્રકાશિત, જયશ્રી વીનુ મરચંટ લિખિત વાર્તાસંગ્રહ ‘આવ મળીએ જિંદગી’ ને ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ આદરણીય ડૉ.શ્રી ભાગ્યેશ જ્હાએ આત્મકથા, સ્મરાંજલિ અને ફિલસૂફીનો સમન્વય ધરાવતી, વાર્તારસથી સરાબોર જીવનપ્રસંગોને ઊંડણમાં લેતી ચારિત્ર્યકથા કહી છે.

ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર આદરણીય ડૉ.શ્રી જોરાવરસિંહ જાદવે ‘આવ મળીએ જિંદગી’ વાર્તાસંગ્રહને અકાદમીનું ગિરા ગુર્જરી ચરણે ધરેલું નવલું નજરાણું કહીને પોંખ્યો છે.

‘આવ મળીએ જિંદગી’ના સર્જક જયશ્રીબહેને આ વાર્તાઓને, ‘બધી જ વિષમતા અતિક્રમીને જીવતાં, ક્યારેક જીતતાં તો ક્યારેક હારતાં, છતાં પણ હરીફરી લાગણીઓને સંજોગોના ઝોલામાં સમેટીને ઝોળો ખભે લટકાવીને જિંદગીની સફર પર નીકળી પડતાં સામાન્ય માનવીઓની, જીવનમાં પ્રકાશ પાથરતી સત્યઘટનાઓ પર આધારિત અસામાન્ય વાર્તાઓ’ કહી છે.

આ વાર્તાઓમાં માનવીય સ્વભાવ, સંવેદના, સંજોગો, પ્રેમ, દગો, વિશ્વાસની અવનવી વાતોના તાણાવાણામાં વણાયેલી જિંદગીનો ધબકાર છે.

જયશ્રીબહેનના પતિ સ્વ. વીનુ મરચંટને સમર્પિત આ પુસ્તકને જયશ્રીબહેનના ગુરુ અને પથદર્શક સમ આદરણીય પન્નાબહેન નાયકના આશીર્વચન તેમજ નંદિતા ઠાકોર, ડૉ.વસુધા ઈનામદાર અને રાજુલ કૌશિકની શુભેચ્છાઓ પાઠવતા સંદેશ પ્રાપ્ત થયા છે.

‘આંગણું ગઝલનું’

જયશ્રી મરચંટ, પૃથા મહેતા-સોની, રક્ષા શાહ, સુનીલ શાહ સંપાદિત ‘ગઝલ શિબિરાર્થીઓની ‘તાજા ગઝલોનો સંગ્રહ- આંગણું ગઝલનું’ ને આદરણીય ડૉ.શ્રી ભાગ્યેશ જ્હા તથા રઈશ મનીઆરે ગઝલ શિબિરની ઉત્તમ ફલશ્રુતિ સમાન લેખ્યો છે.

સન્માન અને પારિતોષિક

૨૦૨૫નાં વર્ષની પાંચમી, છઠ્ઠી અને સાતમી સપ્ટેમ્બરના આ સાહિત્યિક સંમેલનમાં મુખ્ય મહેમાન સુશ્રી ખેવના દેસાઈની ઉપસ્થિતિમાં શ્રી કિશોર દેસાઈને શ્રી ચુનીલાલ વેલજી પારિતોષિક, શ્રી નવીન શાહને શ્રી રમેશ પારેખ પારિતોષિક તેમજ શ્રી પન્ના નાયકને આજીવન પ્રદાન પુરસ્કાર પારિતોષિકથી સન્માનવામાં આવ્યા.

તદુપરાંત

‘હું અને મારું સર્જન’, ‘૨૧મી સદીમાં સાહિત્ય સામે પડકારો’, ‘મારી કવિતા મારી ઓળખાણ’ જેવા વિષયો પર જાણીતા અને સન્માનીય સર્જકોનું વકત્વ્ય, વાર્તા તેમજ નાટકનું વાચિકમ અને સુગમ સંગીતનાં આયોજનથી આશિષ દેસાઈ, ગીની માલવિયા થકી આ અનોખું સંમેલન સુપેરે સંપન્ન થયું.

રાજુલ કૌશિક

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001
તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું